BUSINESS મિત્ર

સેન્સેક્સ 308 પોઇન્ટ ઉછળ્યો, બેન્ક નિફ્ટી લાલ નિશાનમાં

આઇટી શેરોની આગેવાનીમાં નિફ્ટી 23000 પાર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 29: અમેરિકાના એઆઇ સંબંધિત કંપનીઓના પરિણામો નિરાશાજનક આવ્યા હોવાથી આજે એશિયન બજારોમાં નરમાઇ રહી હતી. ખાસ કરીને એઆઇ સંબંધિત કંપનીઓમાં વેચવાલી જોવા મળી હતી. બીજી તરફ, એઆઇ બબલની સામે ભારતીય આઇટી કંપનીઓને જોશ મળ્યું હતું અને આજે ભારતીય આઇટી કંપનીઓમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો, તેની આગેવાની હેઠળ નિફ્ટી 23000 પોઇન્ટને પાર નીકળીને બંધ રહી હતી. જોકે, આજે બેન્ક શેરોએ દબાણ લાવ્યું હતું અને બેન્ક નિફ્ટી 200 પોઇન્ટથી વધુ ઘટી હતી.

આ ઉપરાંત, આજે ફરી એકવાર મીડલ ઈસ્ટના તણાવના અહેવાલના પગલે ક્રુડ ઓઇલના ભાવ ઉછળ્યા હતા અને ફરીથી 113 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયા હતા. જોકે, રૂપિયામાં સુધારો રહેતા ફરીથી 95ની નીચે પહોંચતા થોડીક રાહત રહી હતી. જેની પણ શેરબજારમાં પોઝિટિવ અસર રહી હતી.

બીએસઇ સેન્સેક્સ 308.49 પોઇન્ટ એટલે કે 0.42 ટકા વધીને 74459.53 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 74742 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74082 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 116.35 પોઇન્ટ એટલે કે 0.51 ટકા વધીને 23000 પોઇન્ટની સપાટી કુદાવીને 23053.10 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23118 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22905 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 222.70 પોઇન્ટ એટલે કે 0.41 ટકા ઘટીને 54686.95 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે દિપક નાઇટ્રાઇટમાં 18.58 ગણા, સેગીલીટીમાં 17.27 ગણા, પેરાદીપ ફોસ્ફેટસમાં 14.07 ગણા, ઓઇલ ઇન્ડિયામાં 9.14 ગણા, ટ્રેન્ટ લિ.માં 4.9 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે સેગીલીટી લિ.માં 23.37 ગણા, દિપક નાઇટ્રાઇટમાં 22.89 ગણા, વેદાન્તા પાવરમાં 17.93 ગણા, પેરાદીપ ફોસ્ફેટસમાં 16.58 ગણા અને વેદાન્તા ઓઇલમાં 14.12 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં આજે ખરાબ પ્રદર્શન રહ્યું હતું. આજે ફ્રન્ટલાઇન શેરોમાં ચમક જોવા મળી હતી. એનએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.93 ટકા ઘટ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ 1.97 ટકા ઘટ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી પડી હતી. એનએસઇ ખાતે 1013 શેરો વધ્યા હતા, જ્યારે 2511 શેરો ઘટયા હતા અને 109 શેરો યથાવત રહ્યા હતા.

આઇટી શેરોમાં આજે ઝડપી તેજી જોવા મળી હતી. નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 2.32 ટકા વધ્યા હતા. જેમાં કોફોર્જ, વિપ્રો, એલટીએમ, ઇન્ફોસીસ, પરસીસ્ટન્ટ સીસ્ટમ્સ, એચસીએલ ટેકનો, ટેક મહિન્દ્રા, ટીસીએસ, ઓરેકલ ફાઇનાન્સીયલ સર્વિસીસ સોફ્ટવેર વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો પોઝિટિવ ચાલ દર્શાવે છે, જેમાં એનર્જી અને પસંદગીના હેવીવેઇટ શેરોમાં સુધારાની ચાલ જોવા મળી રહી છે. જ્યારે એશિયન બજારોમાં અમેરિકાના એઆઇ કંપનીઓના નિરાશાજનક પરિણામોના પગલે એઆઇ સંબંધિત શેરોમાં ઘટાડો થતાં નીચા બંધ રહ્યા હતા. બેન્ક ઓફ જાપાને 1.25 ટકાનો વ્યાજદર યથાવત રાખ્યો છે. જ્યારે ફુગાવાની આગાહી 2.4 ટકાથી વધારીને 2.6 ટકા સુધી અપગ્રેડ કરી દીધી છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.25 ટકા અને કેક 01.6 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે ડેક્સ 0.55 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યો છે. એશિયન બજારોમાં નીક્કી 2.52 ટકા, સ્ટ્રેઇટસ 0.36 ટકા, તાઇવાન 2.56 ટકા, કોસ્પી 3.61 ટકા, જકાર્તા 0.81 ટકા અને શાંઘાઇ 1.46 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 1.47 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં રીકવરી, 95ની નીચે

કરન્સી બજારમાં આજે રૂપિયામાં રીકવરી જોવા મળી હતી અને ફરીથી રૂપિયો મજબૂત થઇને 95ની નીચે સરકી ગયો હતો. બીજી તરફ, યુરો અને પાઉન્ડમાં ઉછાળો જોવા મળ્યો હતો. આજે રૂપિયામાં 31 પૈસાની મજબૂતાઇ જોવા મળી હતી. ડોલરની સામે રૂપિયો 31 પૈસા ઉછળીને 94.95ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલનરી સામે રૂપિયો 95.25ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.68, પાઉન્ડ 128.31, કેનેડિયન ડોલર 67.82, ઓસ્ટ્રેલિયન ડોલર 66.46, જાપાનીઝ યેન 0.6044 અને સીંગાપોર ડોલર 74.17ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.95 રૂ.
યુરો	106.68 રૂ.
પાઉન્ડ	128.31 રૂ.
યેન	0.6043 રૂ.

સેન્સેક્સ	308.49	74459.53
નિફ્ટી	116.35	23053.10
બેન્ક નિફ્ટી	-222.70	54686.95

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટ્રેન્ટ	5.44	3017.30
ઇન્ટરગ્લોબ	4.33	4877.60
અપોલો હોસ્પિટલ	3.02	8448.00
ઇન્ફોસીસ	3.36	1185.00
સન ફાર્મા	0.95	1777.70

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
શ્રીરામ ફાઇનાન્સ	2.13	823.15
મહિન્દ્રા-મહિન્દ્રા	1.72	2840.30
જિયો ફાઇનાન્સીયલ	1.21	204.50
અદાણી પોર્ટસ	1.18	2840.30
અદાણી એન્ટર	1.09	2579.40

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટ્રેન્ટ	5.20	3015.10
ઇન્ટરગ્લોબ	4.06	4870.00
ઇન્ફોસીસ	3.37	1182.00
એનટીપીસી	2.23	316.00
પાવરગ્રીડ	1.57	264.50

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એસબીઆઇ	1.94	961.00
મહિન્દ્રા-મહિન્દ્રા	1.93	2844.00
અલ્ટ્રાટેક સિમેન્ટ	1.47	11050.10
ટાટા સ્ટીલ	1.06	167.70
એકસીસ બેન્ક	0.93	1214.70

ચાંદીમાં રૂ. 8,300નો કડાકો, રૂ. 1.90 લાખ પ્રતિ કિલોની સપાટીએ

ચાંદી 11 મહિનાના નીચલા સ્તરે; સોનું પણ રૂ. 1,45,200 પ્રતિ 10 ગ્રામ થયું

વૈશ્વિક બજારોમાં પણ સોના-ચાંદીમાં ઘટાડો જોવા મળ્યો

નવી દિલ્હી, તા. 30 (પીટીઆઇ): વૈશ્વિક બજારોમાં કિંમતી ધાતુઓમાં વ્યાપક વેચવાલી શરૂ થતાં, શુક્રવારે રાષ્ટ્રીય રાજધાનીમાં ચાંદીના ભાવમાં 8,300 રૂપિયાનો તીવ્ર ઘટાડો નોંધાયો હતો અને તે ઘટીને રૂ. 1.90 લાખ પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ હતી, જે તેની લગભગ 11 મહિનાની સૌથી નીચલી સપાટી છે; જ્યારે વૈશ્વિક સ્તરે ચાંદી ગગડીને 49 ડોલર પ્રતિ ઓંસ પર આવી ગઈ છે.

અગાઉના સત્રમાં ચાંદી રૂ. 1,98,500 પ્રતિ કિલોના સ્તરે બંધ રહી હતી. આ અગાઉ 10 ડિસેમ્બર, 2025ના રોજ ચાંદી આ સ્તરની આસપાસ ટ્રેડ થઈ હતી.

ઓલ ઇન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, તમામ કર સહિત 99.9 ટકા શુદ્ધતાવાળા સોનાના ભાવ પણ રૂ. 1,300 ઘટીને રૂ. 1,45,200 પ્રતિ 10 ગ્રામ પર આવી ગયા છે, જે અગાઉના દિવસના રૂ. 1,46,500 પ્રતિ 10 ગ્રામના બંધ સ્તરથી ઓછા છે.

વૈશ્વિક સ્તરે હાજર સોનું ઘટીને 4,000 ડોલરની નીચે સરકી ગયું હતું અને તે 122.06 ડોલર એટલે કે 3.04 ટકા ઘટીને 3,899.33 ડોલર પ્રતિ ઓંસ પર પહોંચી ગયું હતું. આ ઉપરાંત, વૈશ્વિક બજારમાં ચાંદી પણ 50 ડોલરની નીચે જઈને 3.1 ડોલર (6 ટકા)ના ઘટાડા સાથે 49.06 ડોલર પ્રતિ ઓંસ પર આવી ગઈ હતી, જે તેની 11 મહિનાની સૌથી નીચલી સપાટી છે (અગાઉ 21 નવેમ્બર, 2025ના રોજ ચાંદી 50 ડોલર પર હતી). આ ઘટાડાથી સ્થાનિક જ્વેલરી બજારમાં સાવચેતીનું વાતાવરણ જોવા મળ્યું છે.

સોના ચાંદીમાં ઘટાડાના કારણ

વરિષ્ઠ વિશ્લેષક સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે મંદી તરફી વૈશ્વિક પરિબળોને કારણે બજારની સેન્ટિમેન્ટ પ્રભાવિત થતાં શુક્રવારે ઘરેલુ બજારમાં પણ સોનાના ભાવમાં ઘટાડો થયો હતો. જ્યારે આશિષ રાજોડિયાના જણાવ્યા મુજબ, ઊંચા ક્રૂડ ઓઇલના ભાવ, ફુગાવાની ચિંતાઓ અને યુએસ મોનેટરી પોલિસી કડક થવાની અપેક્ષાઓએ બુલિયન માર્કેટ પર દબાણ વધાર્યું હતું. એઆઇ સંબંધિત રોકાણોની સ્થિરતા અંગેની ચિંતાઓ અને ટેક્નોલોજી શેરોમાં ભારે વેચવાલીને કારણે રોકાણકારો અન્યત્ર થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે કિંમતી ધાતુઓમાં પોતાના હોલ્ડિંગ્સ વેચવા મજબૂર બન્યા છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો રેકોર્ડ રૂ. 29,550 કરોડનો ત્રિમાસિક નફો

જિયો પ્લેટફોર્મ્સની ધમાકેદાર લિસ્ટિંગ બાદ નફામાં 13.7%નો ઉછાળો જિયોનો ચોખ્ખો નફો વધીને રૂ. 8,389 કરોડ થયો, સબ્સ્ક્રાઇબર બેઝ 54.24 કરોડે પહોંચ્યો

નવી દિલ્હી, તા. 30 (પીટીઆઇ): રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે (RIL) જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં રૂ. 29,550 કરોડનો રેકોર્ડ એકીકૃત ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે વાર્ષિક ધોરણે 33.8 ટકાનો વધારો દર્શાવે છે. વૈશ્વિક બજારમાં ઈંધણના માર્જિનમાં સુધારાને કારણે ઓઇલ-ટુ-કેમિકલ્સ વેપારના શાનદાર પ્રદર્શન અને ટેલિકોમ ક્ષેત્રની મજબૂત વૃદ્ધિને પગલે કંપનીએ આ રેકોર્ડ કમાણી કરી છે. આરઆઈએલની એકીકૃત આવક 27.8 ટકા વધીને રૂ. 3,62,268 કરોડ અને ઈબીઆઈટીડીએ 23.9 ટકા વધીને રૂ. 62,409 કરોડની નવી ટોચે પહોંચી છે.

બીજી તરફ, શેરબજારમાં તાજેતરમાં જ રેકોર્ડ લિસ્ટિંગ મેળવનાર જિયો પ્લેટફોર્મ્સ (જેપીએલ) પણ લિસ્ટિંગ પછીના તેના પ્રથમ ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં જિયોનો ચોખ્ખો નફો 13.7 ટકા વધીને રૂ. 8,389 કરોડ થયો છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં રૂ. 7,379 કરોડ હતો. કંપનીની ઓપરેટિંગ આવક 11.4 ટકા વધીને રૂ. 40,475 કરોડ નોંધાઈ છે. યુઝર દીઠ સરેરાશ આવક વધીને રૂ. 218.8 પ્રતિ માસ થઈ છે.

જિયોનો કુલ ગ્રાહક આધાર વધીને 54.24 કરોડ થયો છે, જેમાં 30 કરોડથી વધુ 5-જી યુઝર્સનો સમાવેશ થાય છે. જિયોએ રૂ. 30,188 કરોડનો ભારતનો સૌથી મોટો IPO પૂરો કર્યો હતો, જેનાથી મળેલી રકમમાંથી રૂ. 27,500 કરોડનો ઉપયોગ દેવાની ચુકવણી માટે કરાયો છે. રિલાયન્સ ચેરમેન મુકેશ અંબાણી અને જિયો એમડી આકાશ અંબાણીએ જણાવ્યું હતું કે આ પરિણામો ઓપરેશનલ શિસ્ત અને 5જી તેમજ ડિજિટલ સેવાઓની વધતી મજબૂતી દર્શાવે છે.

ત્રાહિત વ્યકિતને ત્યાંથી મળેલ છૂટા કાગળના આધારે આવક ઉમેરી શકાય ?

આવકવેરા કાયદા હેઠળ કોઇ વ્યકિતને ત્યાં સર્ચ અથવા સર્વેની કામગીરી થાય અને એને ત્યાંથી અથવા એના કર્મચારી કે મેનેજીંગ ડિરેકટરને ત્યાંથી કોઇ છૂટા કાગળો (Loose Papers) કે ડાયરી મળી આવે જેમાં કરદાતા સંબંધી કોઇ નોંધ હોય જેવી કે નાણાંની લેવડદેવડ, ખર્ચાની ચૂકવણી ઓન-મની વિગેરે તો તેનો આધાર લઇને આવકવેરા અધિકારી કરદાતાના હાથમાં આવકનો ઉમેરો કરે છે.

કલમ-69 કહે છે કે કરદાતાએ હિસાબી વર્ષમાં ચોપડે નોંધ્યા સિવાયનું રોકાણ કર્યું જે અંગેના આવકના સ્ત્રોત અંગે કરદાતા સંતોષકારક ખૂલાસો આપે નહિ તો આવા રોકાણને કરદાતાની આવક માની લેવાની (Deemed) રહે છે.

કલમ-69 સ્થાવર/જંગમ મિલ્કતમાં રોકાણ સંબંધી વાત કરે છે. જયારે કલમ-69A ખાસ ઉલ્લેખ કે સંદર્ભમાં આ જંગમ મિલ્કત સંબંધી વાત કરે છે.

કલમ-69A અન્વયે હિસાબી વર્ષમાં કરદાતા નાણાં, સોના-ચાંદી, જવેલરી કે અન્ય કિંમતી આર્ટીકલ્સના માલિક હોવા સંબંધે આવી જંગમ મિલ્કત કે જે ચોપડે નોંધાયેલ નહિ હોય અને એના સ્ત્રોત અંગે ખૂલાસો આપે નહિ અથવા પૂરતો ખૂલાસો નહિ હોય તો આ જંગમ મિલ્કતનું રોકાણ કરદાતાની આવક ગણાશે.

કોર્ટો સમક્ષ

કોર્ટો સમક્ષ એ પ્રશ્ન ઉપસ્થિત થયો કે ત્રાહિત વ્યકિતને ત્યાંથી મળેલ છૂટા કાગળો કે ડાયરીની નોંધ માત્રથી અન્ય મજબૂત (Corroborative) પૂરાવા વગર આવકનો ઉમેરો થઇ શકે ?

ગુજરાત હાઇકોર્ટ

ગુજરાત હાઈકોર્ટે પ્રિ.સી.આઇ.ટી. વિ. ગૌરાંગભાઇ પ્રમોદચંદ્ર ઉપાધ્યાયમાં કલમ-132 (4A) અને 292 C ઉપયોગમાં લેવાય નહિ. અન્ય મજબૂત આધાર વગર છૂટા કાગળોને લઇને આવકમાં ઉમેરો થાય નહિ.

સુપ્રિમ કોર્ટે પ્રિ. કમિશ્નર વિ.

કૃતિકા બેન્ડ પ્રા.લિ.માં એવું ઠરાવ્યું કે કર્મચારી કે મેનેજરના સ્ટેટમેન્ટ કે જે પાછા ખેંચી લીધા હોય અને અઘોષિત ખર્ચાઓ સંબંધી કલમ-69C અંતર્ગત પૂરતા આધાર વગર આવકમાં ઉમેરો થઇ શકે નહિ.

ગુજરાત હાઇકોર્ટે ક્રિષ્ણા ટેક્ષટાઇલ્સના કેઇસમાં સુપ્રિમ કોર્ટના કિશ્નીચંદ ચેલારામના ચૂકાદાનો આધાર લઇ ઠરાવ્યું કે ત્રાહિત વ્યકિતના હિસાબોમાં જમા રકમનો આધાર લઇ કરદાતા દ્વારા કોઇ રકમ ચૂકવવાપાત્ર નથી એવી દલીલ સ્વીકારને પાત્ર છે.

Excel Sheet

ત્રાહિત શખ્સને ત્યાંથી આવી Wnverified શીટ મળે છે. ત્યારે એને આધારે પણ આવકના ઉમેરા થતાં હોય છે, કલમ-69A ના આવા ઉમેરા ટકી શકે નહિ એવું ચેન્નાઇ ટ્રીબ્યુનલે આસી. કમિશ્નર વિ. ચોલન ઓટો ફાયનાન્સના કેઇસમાં ઠરાવ્યું છે.

વળી દિલ્હી હાઇકોર્ટે સીઆઇટી વિ. સંતલાલના કેઇસમાં એવું ઠરાવ્યું કે ત્રાહિત વ્યકિતને ત્યાંથી મળેલ આવા અનઅધિકૃત છૂટા કાગળો કે જેના ઉપર કરદાતાની સહી નથી કે કરદાતાના હાથે લખાયેલ નથી. વળી ઘણીવાર કરદાતાનું નામ પણ સ્પષ્ટ નથી એ સંજોગોમાં અન્ય પૂરતા આધાર વગર આવા ઉમેરા ટકી શકે નહિ.

પશ્ચિમ એશિયાના સંઘર્ષથી બેંકોમાં કોર્પોરેટ વર્કિંગ કેપિટલની માંગ 15-20% વધી

કાચા માલની મોંઘવારી અને ટ્રાન્સપોર્ટનો સમય વધતાં બેંકો પાસેથી ટૂંકા ગાળાની ઉધાર જરૂરિયાતો વધી

મુંબઈ, તા. ૩૦ : પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે બેંકોમાં કોર્પોરેટ કાર્યકારી-મૂડી માંગમાં 15-20 ટકાનો વધારો થયો છે.

બેંકરોએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક મહિનાઓમાં પશ્ચિમ એશિયામાં સંઘર્ષ વધવાને કારણે કાચા માલના ખર્ચમાં વધારો થયો છે અને શિપિંગના સમયગાળામાં પણ વધારો થયો છે, જેના પરિણામે બેંકો પાસેથી કાર્યકારી મૂડી (વર્કિંગ કેપિટલ)ની માંગમાં 15-20 ટકાનો વધારો જોવા મળ્યો છે. આ સ્થિતિએ સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં કોર્પોરેટ લોનની વૃદ્ધિને વધુ વેગ આપ્યો છે.

મધ્યમ અને મોટા કદની કંપનીઓમાં કાર્યકારી-મૂડીની જરૂરિયાતોમાં 12-15% અને કેટલાક કિસ્સાઓમાં 20% સુધીનો વધારો જોવા મળ્યો છે, કારણ કે તેલના ભાવ સાથે સંકળાયેલ ઈનપુટ ખર્ચ અને માલના પરિવહનમાં લાગતો વધુ સમય જેવા પરિબળોને કારણે કેશ કન્વર્ઝન સાયકલ લંબાઈ ગયું છે, જેના કારણે ખરીદી અને વેચાણ બંને બાજુ ભંડોળની જરૂરિયાતોમાં વધારો થાય છે.

કોટક મહિન્દ્રા બેંકના કોર્પોરેટ અને ટ્રાન્ઝેક્શન બેંકિંગના પ્રમુખ અને વડા, અનુ અગ્રવાલે જણાવ્યું હતું કે, "પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ભારતીય કોર્પોરેટ કંપનીઓ માટે કાર્યકારી મૂડી (વર્કિંગ કેપિટલ) ચક્ર લંબાઈ ગયું છે, જેના પરિણામે કાર્યકારી મૂડીની માંગમાં વધારો જોવા મળી રહ્યો છે." તેમણે વધુમાં કહ્યું, "ઘણી કંપનીઓ માટે કાર્યકારી મૂડીની જરૂરિયાતોમાં ઓછામાં ઓછો 12-15% અને કેટલાક કિસ્સાઓમાં 2% સુધીનો વધારો થયો છે. કાચા માલના ભાવ, ખાસ કરીને તેલ સાથે સંકળાયેલી સામગ્રીના ભાવ વધ્યા છે, જ્યારે ખરીદી અને વેચાણ બંને પક્ષે માલના પરિવહનનો સમય પણ વધી ગયો છે.

ટૂંકા ગાળાની ઉધાર જરૂરિયાતોમાં વધારાથી કોર્પોરેટ લોન વૃદ્ધિમાં વધારો થયો છે, સાથે સાથે રિફાઇનાન્સિંગ, એક્વિઝિશન ફાઇનાન્સિંગ અને નવા મૂડી ખર્ચમાં પણ વધારો થયો છે.

હવે ગેસ સિલિન્ડર પણ હપ્તાથી મળશે

ભારત ગેસ આપશે રૂ.600 સુધીની માઇક્રો લોન

નવી દિલ્હી, તા. 30: ઘરમાં રસોઇ માટે ગેસ સિલિન્ડર પુરૂં થઇ જાય અને તે સમયે ગેસ સિલિન્ડર રીફિલ કરવાના પૈસા ન હોય તો કોઇ વાંધો નહીં. હવે ગેસ સિલિન્ડર પણ હપ્તાથી ઉપલબ્ધ થઇ રહ્યો છે, તે પણ શૂન્ય વ્યાજ પર.

દિવાળીના તહેવારો અને મોંઘવારીનો માર સામાન્ય ગરીબ પ્રજાને હાલાકીમાં મુકી દીધો છે, તેવા સમયે ગ્રાહકોને રાહત આપવા માટે ભારત ગેસ દ્વારા એલપીજી સિલિન્ડર રિફીલ કરવા માટે માટે રૂ. 600 સુધીની માઇક્રો લોનની સુવિધા આપી રહી છે. ભારત ગેસના જણાવ્યા અનુસાર ગ્રાહક સિલિન્ડરના રિફીલ માટે રૂ. 600 સુધીની માઇક્રો લોન લઇ શકે છે, જે દર અઠવાડિયે રૂ. 100નો હપ્તો ભરવાનો રહેશે. જોકે, લોનની રકમ ગ્રાહકની પાત્રતા અને લાગુ શરતો ઉપર આધારિત રહેશે. એટલે અરજી કરતા પહેલા એ સ્પષ્ટ કરી લો કે તમને કેટલી રકમ મળી શકે છે અને હપ્તાઓ કયારથી ચુકવવા પડશે અને ચુકવણીની પદ્ધતિ શું હશે. જો તમારી આવક મર્યાદિત છે, તો હપ્તાની રકમ તમારા જરૂરી ઘરેલું ખર્ચાઓને ધ્યાનમાં રાખીને જ નક્કી કરવું જોઇએ.

૧૨ વર્ષમાં ભારતમાં તીવ્ર ગરીબી ધરાવતા લોકોની સંખ્યામાં મોટો ઘટાડો: વર્લ્ડ બેંક

૨૦૧૧માં તીવ્ર ગરીબી ભોગવતા લોકોની સંખ્યા ૨૭.૧ ટકા હતી તે ૨૦૨૩માં ઘટીને ૨.૬ ટકા થઇ ગઇ

નવી દિલ્હી, ૩૦ ઓક્ટોબર (PTI): વર્લ્ડ બેંક (વિશ્વ બેંક) ના એક અહેવાલ મુજબ, ભારતમાં અત્યંત ગરીબીનો દર ૨૦૧૧માં ૨૭.૧ ટકાથી ઘટીને ૨૦૨૩માં તીવ્ર ઘટાડા સાથે ૨.૬ ટકા પર પહોંચી ગયો છે, અને દેશે અંદાજે ૪૯.૬ કરોડ લોકોને ગરીબી રેખાથી ઉપર લાવ્યા છે. વર્લ્ડ બેંકના 'ઈન્ડિયા પોવર્ટી એન્ડ ઈક્વિટી બ્રીફઃ ઓક્ટોબર ૨૦૨૬' શીર્ષકવાળા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ગરીબીના આ આંકડાઓ ૨૦૨૧ની પર્ચેઝિંગ પાવર પેરિટી પર માપવામાં આવેલ લોઅર મિડલ-ઈન્કમ કન્ટ્રી થ્રેશોલ્ડ ૪.૨૦ ડોલર પ્રતિ દિવસ અને અત્યંત ગરીબી થ્રેશોલ્ડ ૩ ડોલર પ્રતિ દિવસ પર આધારિત છે. છેલ્લા એક દાયકામાં, ભારતે નાણાકીય અને બિન-નાણાકીય બંને બાબતોમાં ગરીબી ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે અને દુનિયામાં "સૌથી ઝડપી ગરીબી ઘટાડા" માંથી એક નોંધાવ્યો છે, એમ અહેવાલમાં જણાવાયું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, "૨૦૧૧ અને ૨૦૨૩ ની વચ્ચે, લોઅર મિડલ-ઈન્કમ કન્ટ્રી લાઇનની નીચે જીવતી વસ્તીનો હિસ્સો ૫૭.૭ ટકાથી ઘટીને ૧૬.૧ ટકા થઈ ગયો છે, જેનાથી અંદાજે ૪૯૬ મિલિયન લોકોને ગરીબીમાંથી બહાર લાવવામાં આવ્યા છે, જ્યારે અત્યંત ગરીબી (USD ૩/દિવસ) ૨૭.૧ ટકાથી ઘટીને ૨.૬ ટકા થઈ ગઈ છે. અહેવાલમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે ગરીબીમાં સતત ઘટાડો થતો રહેશે, જો કે તે હવે વધુ ક્રમિક હશે. USD ૪.૨૦/દિવસની રેખા પર ગરીબી દર ૨૦૨૬માં ૧૪.૨ ટકાથી ઘટીને ૨૦૨૮ સુધીમાં ૧૨.૧ ટકા થવાની અપેક્ષા છે. આ સૂચક માઈક્રોસિમ્યુલેશન-આધારિત અંદાજો લેબર માર્કેટ અને મેક્રોઈકોનોમિક ડેટામાં સુધારો થાય અથવા નવો ડેટા ઉપલબ્ધ થાય તેમ અપડેટ કરવામાં આવશે.

એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકમાં વાહન લોન ગ્રાહકોના ડેટા લીક અંગે તપાસ

મુંબઈ, તા. 30 (પીટીઆઈ): : એ.યુ. સ્મોલ ફાઈનાન્સ બેંકે શુક્રવારે જણાવ્યું હતું કે તે તેના વાહન લોન ગ્રાહકોના સંભવિત ડેટા લીક અંગેની તપાસ કરી રહી છે. એક હેકર ગ્રુપે બેંકના સાયબર ડિફેન્સમાં ઘુસણખોરી કરવાનો દાવો કર્યા બાદ બેંક દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે. બેંકે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે, 'એ.યુ. સ્મોલ ફાઈનાન્સ બેંક સેલ્સફોર્સ દ્વારા સંચાલિત સાસ (એસએએએસ) પ્લેટફોર્મ સાથે જોડાયેલા સંભવિત ડેટા લીકની તપાસ કરી રહી છે, આ પ્લેટફોર્મ અમારા વાહન લોન ગ્રાહકો સંબંધિત ચોક્કસ માહિતી ધરાવે છે.

અગાઉ, થ્રેટ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ હેકમેનાક અનુસાર, સ્કારલેટ-ગ્રુપ (ScarlettGroup) નામના હેકર ગ્રુપે ગ્રાહકોના કેવાયસી રેકોર્ડ્સ, વ્યક્તિગત ઓળખ દસ્તાવેજો, પેન અને અન્ય આઈડી વિગતો, ક્રેડિટ રિપોર્ટ્સ, બેંક સ્ટેટમેન્ટ્સ, લોન અરજીઓ અને આંતરિક ડેટા લીક કરવાની ધમકી આપી હતી.

પારાદીપ ફોસ્ફેટ્સનો નફો 69% ઘટતાં શેરમાં 14%નો મોટો કડાકો

મોંઘા કાચા માલ અને ખાતરોની નબળી માગ પરિણામમાં જોવા મળી

મુંબઇ, તા. 30: ફર્ટીલાઇઝર કંપની પારાદીપ ફોસ્ફેટસના શેરોમાં જોરદાર વેચાણ જોવા મળ્યું હતું. ઈન્ટ્રાડે ટ્રેડિંગમાં આ શેરમાં 14 ટકાનો ઘટાડો થયો હતો અને નિફ્ટી 500 ઈન્ડેક્સનો સૌથી વધુ નુકશાન થયું હતું. કંપનીએ સપ્ટેમ્બર કવાર્ટર માટે નબળા પરિણામો જાહેર કર્યાના બીજા દિવસે મોટો ઘટાડો જોવા મળ્યો હતો. કવાર્ટરમાં કંપનીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 69 ટકા ઘટયો હતો. જ્યારે ઈબિટા 37 ટકા ઘટ્યો હતો. જ્યારે માર્જિન 9.6 ટકાથી ઘટીને 5.6 ટકા થઇ ગયું હતું. જેનું મુખ્ય કારણ કાચા માલની ઉંચી કિંમત અને ખાતરની નબળી માગ હતી. જેના કારણે કંપનીના નફા પર ભારે અસર પડી હતી. કંપનીએ સપ્ટેમ્બર કવાર્ટરના જાહેર કરેલા પરિણામોમાં ચોખ્ખો નફો ઘટીને 121 કરોડ થયો છે, જે ગત વર્ષના સમયગાળામાં રૂ. 393 કરોડનો હતો. એટલે ગત વર્ષની સરખામણીએ નફો ત્રીજો ભાગ જેટલો જ રહી ગયો.

નબળા પરિણામો વચ્ચે ઓપરેશનલ મોરચે પણ કેટલાક સારા સમાચાર હતા. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કંપનીના સલ્ફ્યુરિક એસિડનું ઉત્પાદન વાર્ષિક ધોરણે 32 ટકા વધ્યું છે, જ્યારે ફોસ્ફોરિક એસિડનું ઉત્પાદન 7 ટકા વધ્યું છે. કંપની ફોસ્ફોરિક એસિડની ક્ષમતા વધારવાના પ્રથમ તબક્કા તરફ પણ આગળ વધી રહી છે. આ વિસ્તરણ પછી, વાર્ષિક ક્ષમતા 5 લાખ ટનથી વધીને 7 લાખ ટન થઇ જશે, એટલે કે દર વર્ષે 2 લાખ ટનનું વધારાનું ઉત્પાદન શક્ય બનશે. જે હાલની ક્ષમતા કરતા 40 ટકા વધારે છે. આ સિવાય કંપનીએ એલ્યુમિનિયમ ફ્લોરાઇડ પ્લાન્ટ સ્થાપવા માટે 250 કરોડ રૂપિયાના રોકાણને પણ મંજૂરી આપી છે.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૪૩૫૦
તેજાબી સોનું	૧૪૪૨૬૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૭૧૩૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૧૪૬૦
સોનાનાં બિસ્કીટ	૧૪૪૩૫૦૦
ચાંદી (૯૯૯)	૧૮૬૯૦૦
ચાંદી સિક્કા	૧૮૮૪૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

મોરબીના સિરામિકની નિકાસ પુનઃ શરૂ થઈ

પણ FY27 સુધીમાં નિકાસ 40% ઘટીને ₹12000 કરોડ થવાનો અંદાજ

40 ટકા એકમો હજુ પણ બંધ

કન્ટેનરની ઉપલબ્ધતા અને ઉંચા નૂર ખર્ચ વિકાસને અવરોધે રહ્યા છે

મુંબઈ, તા. 30 : હોર્મુઝની સામુદ્રધુની થઈને માલસામાનની હેરફેર ધીમે ધીમે ફરી શરૂ થતાં, મોરબીમાંથી ગલ્ફ દેશોમાં ફરી નિકાસ શરૂ થઈ શકી છે. જોકે, હાલમાં આ ઉદ્યોગ ગંભીર સંકટનો સામનો કરી રહ્યો છે; નાણાકીય વર્ષ 2027 (FY27) સુધીમાં નિકાસમાં 40 ટકાનો ઘટાડો થઈને તે આશરે રૂ. 12,000 કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે, અને આ સિરામિક હબના લગભગ 40 ટકા એકમો હજુ પણ બંધ છે.

મોરબી ક્લસ્ટરના અગ્રણી ટાઇલ ઉત્પાદકોમાંના એક, વરમોરા ગ્રેનિટો લિમિટેડે ગયા અઠવાડિયે યુએઈ અને ઈરાકમાં 18-20 કન્ટેનર મોકલ્યા હતા, જે વેપાર પુનઃ પાટે ચઢી રહ્યો હોવાનું દર્શાવે છે. અગાઉ કન્ટેઈનર ઉપલબ્ધ નહોતા હવે 100ની જગ્યાએ 10 જેટલા મળી રહ્યા છે.

ભૂ-રાજકીય પરિસ્થિતિ હળવી થતાં કેટલીક શિપિંગ લાઈનોએ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા સેવાઓ ફરી શરૂ કરી છે. જોકે, આ સુધારો મર્યાદિત છે. વર્મોરાને તેની શિપિંગ જરૂરિયાતો પૂરી કરવા માટે આશરે 150-200 કન્ટેનરની આવશ્યકતા છે; આમ, જરૂરી ક્ષમતા અને હાલમાં ઉપલબ્ધ થઈ શકે તેવા કન્ટેનરની સંખ્યા વચ્ચે મોટો તફાવત રહેલો છે. જોકે શિપમેન્ટ ફરી શરૂ થવાથી નિકાસકારોને બાકી રહેલા ઓર્ડર પૂરા કરવામાં મદદ મળી શકે છે, પરંતુ કન્ટેનરની ઉપલબ્ધતા અને ઊંચા નૂર ખર્ચ (ફ્રેઈટ કોસ્ટ) હજુ પણ આ વેપારની રિકવરીની ગતિને અવરોધી રહ્યા છે.

ભારતના સિરામિક હબ તરીકે જાણીતું મોરબી, દેશના કુલ સિરામિક ઉત્પાદનમાં લગભગ 90 ટકા અને સિરામિક નિકાસમાં 85 થી વધુ હિસ્સો ધરાવે છે.જોકે વધારાના સ્ટોકનો અમુક હિસ્સો સ્થાનિક બજાર વાળવામાં આવ્યો હતો, પરંતુ વિક્ષેપોને કારણે અનેક એકમોને ઉત્પાદનમાં ઘટાડો કરવાની ફરજ પડી હતી. આ સંકટ મુખ્યત્વે એવા સંજોગોને કારણે સર્જાયું હતું જે ઉદ્યોગના નિયંત્રણ બહારના હતા. છેલ્લા નાણાકીય વર્ષના અંત સુધી સિરામિક ક્ષેત્રનું પ્રદર્શન સારું રહ્યું હતું, પરંતુ ઈરાન સાથે અમેરિકા-ઈઝરાયેલના સંઘર્ષ અને ત્યારબાદ હોરમૂઝની સામુદ્રધુની (Strait of Hormuz) આસપાસ સર્જાયેલા અવરોધોને કારણે કુદરતી ગેસ અને પ્રોપેન ગેસની ભારે અછત ઊભી થઈ, જેની ગંભીર અસર મોરબીના સિરામિક ઉદ્યોગ પર પડી.

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૫૭૦૦
એમ-30	૫૬૦૦
એસ-30	૫૫૦૦
ગુજરાત	
એમ-30	૫૫૦૦
એસ-30	૫૪૦૦

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ,,	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ,,	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ,,	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

પશ્ચિમ રેલવે

પાર્સલ એસએલઆર/વીપી (SLR/VP) ના લીઝિંગના કોન્ટ્રાક્ટ માટેની ઈ-હરાજી

મુંબઈ ડિવિઝનમાંથી શરૂ થતી ટ્રેનોમાં પાર્સલ એસએલઆર લીઝ પર આપવાના કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. કેટલોગ અગાઉથી જ IREPS વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવ્યો છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-
કોન્ટ્રાક્ટનો પ્રકારઃ પાર્સલ, કેટેગરીઃ પાર્સલ એસએલઆર (SLR), કોન્ટ્રાક્ટનો સમયગાળોઃ 3 વર્ષ

1. Auction Catalogue No. MMCT- PLS-26-90

Lot No.	
21901-SLR-R1-BDTS-BME-26-1	12480-SLR-R1-BDTS-JU-26-1
22909-SLR-F1-BL-PURI-26-1	14708-SLR-R1-DDR-HMH-26-2
22971-SLR-F1-BDTS-PNBE-26-1	14808-SLR-F1-DDR-JU-26-1

ઈ-હરાજીની તારીખ અને સમયઃ લોટ માટેની ઈ-હરાજી તારીખ 06.11.2026 ના રોજ બપોરે 12.00 વાગ્યે શરૂ થશે. પ્રારંભિક કૂલિંગ સમય 30 મિનિટનો છે.

2. Auction Catalogue No. MMCT- PLS-26-91

Lot No.	
19003-SLR-F2-DDR-BSL-26-3	22965-SLR-R1-BDTS-BGKT-26-1
22933-SLR-R1-BDTS-JP-26-1	12911-SLR-F1-BL-HW-26-1
22965-SLR-F1-BDTS-BGKT-26-1	

ઈ-હરાજીની તારીખ અને સમયઃ લોટ માટેની ઈ-હરાજી તારીખ 13.11.2026 ના રોજ બપોરે 12.00 વાગ્યે શરૂ થશે. પ્રારંભિક કૂલિંગ સમય 30 મિનિટનો છે.

પાર્સલ એસએલઆર/વીપી (SLRs/VPs) ની ઈ-હરાજી અંગેની વધુ વિગતો માટે, www.ireps.gov.in ની મુલાકાત લો. 0755

અમને લાઇક કરો facebook.com/WesternRly | અમને ફોલો કરો X.com/WesternRly

ઓન લાઇન ટેન્ડરીંગ

જાહેર નિવિદા નં.૧૪, સને.૨૦૨૬-૨૭

કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત મા×મ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં, મહીસાગર-લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૨૧૨૩ દ્વારા માન્ય ઇજારદારશ્રીઓ પાસેથી રસ્તા , મકાન &બ્રીજના કામોના કુલ રૂા.૩૧૯૨.૫૭ લાખના કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો https://tender.nprocure.com વેબસાઇટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડીથી દિન-૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફ્ટ / એફ.ડી.આર કાર્યપાલક ઇજનેરશ્રી, મહીસાગરને રજૂ કરવાના રહેશે.

ઇ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

ઓન લાઇન સબમીશનની તારીખ.	તા.૦૩/૧૧/૨૦૨૬ થી તા.૨૦/૧૧/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી.
ટેન્ડર ઓપનીંગ (ઓનલાઇન)	તા.૨૧/૧૧/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક

(માહિતી/ગોધરા/૫૯૭/૨૬)